JRD HC



ક્રમાંક: હ–૨/સ્કો/૨૦૧૯/ ૧૯૬૬-૯૨
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૧ /૧૦/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા –તમામ

વિષયઃ– શિષ્યવૃત્તિ–ફેલોશિપના ફોર્મ ઓન લાઈન ભરવા બાબત
(સને.૨૦૧૯–૨૦)

સંદર્ભઃ– સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/છ
તા.૧૪/૮/૨૦૧૭

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં અને માર્ચ.૨૦૧૯ ધોરણ–૧૦ની એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ કરનાર વિધાર્થીઓને ધો.૧૧માં ચાલુ વર્ષમાં બે પ્રકારની શિષ્યવૃત્તિઓ મળવાપાત્ર થાય છે. **(૧) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ અને (૨) ફેલોશિપ શિષ્યવૃત્તિ.** આ બન્ને યોજનાની વિગતો **www.digitalgujarat.gov.in** પોર્ટલ ઉપર મૂકવામાં આવેલ છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષ સને.૨૦૧૯–૨૦માં સદર પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે. આ શિષ્યવૃત્તિ મેળવવા માટેના ફોર્મ ઓનલાઈન ભરવાના થાય છે. આ યોજનાનો લાભ આપના જિલ્લાની ઉકત શાળાઓના વિધાર્થીઓ બહોળા પ્રમાણમાં લઈ શકે તે માટે નીચે મુજબની વિગતો ધ્યાને લઈને માત્ર ઓન લાઈન ફોર્મ ભરવા માટે આપના જિલ્લાની તમામ શાળાઓને સૂચના આપશો.

(૧) સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં માર્ચ.૨૦૧૯ ધોરણ–૧૦ની એસ.એસ.સી.ની પરીક્ષામાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર તમામ કેટેગરીના વિધાર્થી કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/– કે તે કરતાં ઓછી છે તેઓને ફેલોશિપ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે. ફેલોશિપ યોજનામાં કેટેરગરી વાઈઝ ફોર્મ ભરી શકાશે

– જયારે ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજનામાં કેટેગરી વાઈઝ કોઈ અનામત નથી.

(૨) સદર બન્ને યોજનાઓની જોગવાઈ મુજબ માત્ર મેરીટમાં આવનાર વિધાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે. અન્ય કોઈ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવનાર વિધાર્થીને સદર શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી. જેથી વિધાર્થીએ કોઈ એકજ શિષ્યવૃત્તિ મેળવવા અરજી કરવાની રહેશે.

(૩) આ શિષ્યવૃત્તિ મેળવવા માટે સરકારશ્રીની સૂચના મુજબ દરેક વિધાર્થીએ આ માટેના પોર્ટલ પર માત્ર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ અંગેના પોર્ટલ પર માત્ર ઓનલાઈન અરજી કરવા માટેનું એડ્રેસ નીચે છેલ્લે દર્શાવેલ છે.

(૪) ધો.૧૧ માં ફેલોશિપ યોજના હેઠળ જે વિધાર્થીને ફ્રેશ શિષ્યવૃત્તિ મળેલ હશે તે જ વિધાર્થીને રીન્યૂઅલના રૂપમાં પણ નિયમોનુસાર આગળના અભ્યાસ માટે રીન્યૂઅલ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે. **ધો.૧૨, સ્નાતક કક્ષાએ કે**

Scanned by CamScanner

અનુસ્નાતક કક્ષાએ સીપીસીપી ફ્રેશ તરીકે મળશે નહી. રીન્યૂઅલના રૂપમાં શિષ્યવૃત્તિ મેળવવા માટે જે તે આગલા વર્ષમાં ઓછામાં ઓછા ६०% ગુણ મેળવેલા જોઈશે.

(૫) ફેલોશિપ શિષ્યવૃત્તિ યોજના હેઠળ રાજ્ય કક્ષાએ શિષ્યવૃત્તિ ની કુલ-૧૪૦૦ બેઠકો નકકી થયેલ છે. આ ૧૪૦૦ બેઠકોમાં તમામ કેટેગરી વાઈઝ મેરીટમાં આવતા વિધાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે જયારે ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મા.અને ઉ.મા. વિભાગ(શાળા કક્ષાની) ૨૦૦ જગ્યાઓ નકકી થયેલ છે. જેમાં મેરીટમાં આવતા વિધાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે અને બન્ને યોજનાઓમાં મેરીટમાં નહી આવનાર વિધાર્થીઓની અરજીઓ રીજેક્ટ કરીને તેઓના રજિસ્ટર્ડ મોબાઈલ ઉપર મેસેજ કરવામાં આવશે, જેના આધારે જે તે વિધાર્થી અન્ય કોઈ શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજી કરી શકશે.

(૬) મોબાઈલ નંબર રજિસ્ટર્ડ કરાવવા માટે વિધાર્થીએ પોતાના મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે સરકારશ્રીની સૂચના મુજબ દરેક વિધાર્થીએ આ માટેના પોર્ટલ પર માત્ર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ અંગેના પોર્ટલ પર માત્ર ઓન લાઈન અરજી કરવા માટેનું એડ્રેસ નીચે મુજબ છે. આપની શાળામાંથી ધો.૧૦ પાસ કરીને કોઈ વિધાર્થી અન્ય કોઈ શાળામાં ધો.૧૧માં અભ્યાસ માટે ગયેલ હોયતો તેની તપાસ કરીને તે શાળાને પણ જણાવવવાનું રહેશે.

વેબ સાઈટ – **www.digitalgujarat.gov.in** ના Home Page ઉપરના Click For New Registration (Citizen) લાલ કલરના બોક્ષ પર કલીક કરીને રજિસ્ટ્રેશન કરાવીને પોતાની પર્સનલ વિગતો ભરવાની રહેશે, તે SAVE કરીને, ત્યાર બાદ OTP ના આધારે વેરીફાઈ કરીને Scholarship પસંદ કરીને ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મની તમામ વિગતો ભરાયા બાદ જરૂરી તમામ આધારો(ડોકયુમેન્ટ) એટેચ કરીને ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

સદર પોર્ટલ ઉપર ઓન લાઈન અરજીની સાથે ધો.૧૦ની માર્કશીટ, આવકનો દાખલો, જાતિ અંગેનું પ્રમાણપત્ર(માત્ર ફેલોશિપ શિષ્યવૃત્તિ માટે), ફી ભર્યાની રસીદ, આધાર કાર્ડ, બેન્ક પાસબુક વિગેરે જરૂરી આધારો સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. <u>તે માટે ફોર્મ ભરતા પહેલાં વિધાર્થીએ સદર પોર્ટલ ઉપર યોજનાની વિગતો જોઈ લેવાની રહેશે.</u>

**આ યોજના હેઠળ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ:૧૫/૧૧/૨૦૧૯ નકકી કરવામાં આવેલ છે. જેથી નિયત સમય મર્યાદામાં પોતાની શાળાના સબંધિત વિધાર્થીઓના ફોર્મ ભરાઈ જાય તેની શાળાના આચાર્યશ્રીએ તકેદારી રાખવા જરૂરી સૂચના તમામ શાળાઓને આપશો.**

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૩૯૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૦૩/૧૦/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner